**તારીખ ૦૧.૦૭.૨૦૧૨ થી મોંઘવારી ભથ્થાના દરમાં સુધારણા.**

ગુજરાત સરકાર
નાણાં વિભાગ,
ક્રમાંકઃ વલભ–૧૦૨૦૧૨–જીઓઆઈ–૦૪–ચ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૧/૧૦/૨૦૧૨

વંચાણે લીધોઃ–

(૧) નાણાં વિભાગનો તા. ૨૭.૦૨.૨૦૦૯ નો સરકારી ઠરાવ નં. પગર–૧૦૦૯/૬/પે સેલ(મ)

(૨) ભારત સરકારનો તા. ૨૮.૦૯.૨૦૧૨ નો ઓફીસ મેમોરેન્ડમ ક્ર.૧(૮)/૨૦૧૨–ઈ–II (બી)

# ઠરાવ

નાણાં વિભાગના તારીખ ૧૧.૦૪.૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક વલભ–૧૦૨૦૧૧/જીઓઆઈ/૦૨/ચ થી કર્મચારીઓને ૬૫% મુજબ મોંઘવારી ભથ્થું મળવાપાત્ર થશે તેમ ઠરાવવામાં આવેલ છે. રાજય સરકારે સરકારી કર્મચારીઓને ચૂકવવાપાત્ર મોંઘવારી ભથ્થાના માસિક દરોમાં તારીખઃ ૦૧–૦૭–૨૦૧૨ થી ૦૭ ટકા વધારો કરીને નીચે પ્રમાણે ચુકવવાનું નકકી કરેલ છે.

| **ચૂકવવાપાત્ર તારીખ** | **ચૂકવવાપાત્ર માસિક મોંઘવારી ભથ્થાનો દર** |
|---|---|
| તારીખઃ ૦૧–૦૭–૨૦૧૨ થી | મૂળ પગારના ૭૨% (બોત્તેર ટકા) |

૨ઃ આ હુકમો હેઠળ મોંઘવારી ભથ્થુ વિનિયમિત કરતી વખતે નાણાં વિભાગના તા.૨૭/૦૨/૨૦૦૯ ના સરકારી ઠરાવ નં.પીજીઆર–૧૦૦૯/૬/પે સેલ (મ) ના ફકરા નં.૩ અને ૪ માં આપેલ જોગવાઈઓ અગાઉની જેમ જ લાગુ પડશે.

૩ઃ મોંઘવારી ભથ્થામાં ૫૦ (પચાસ) પૈસા અને તેના કરતા વધુ પૈસાની ચુકવણી આખા રૂપિયા પ્રમાણે થશે અને ૫૦ (પચાસ) પૈસા કરતા ઓછી રકમને ગણતત્રીમાં લેવામાં આવશે નહીં.

૪ઃ આ હુકમો હેઠળ ચુકવવા પાત્ર થતો મોંઘવારી ભથ્થાનો વધારાનો હપ્તો તા.૦૧/૦૭/૨૦૧૨ થી રોકડમાં ચુકવવામાં આવશે.

૫ઃ પેન્શનરોને આ તફાવતની રકમ રોકડમાં ચુકવવાની રહેશે.

૬ઃ એન.પી.પી.એ. મેળવનાર કર્મચારી / અધિકારીશ્રીઓને મોંઘવારી ભથ્થાના હાલના ૭% વધારાના લાભની ગણત્રી પગાર સુધારણા નિયમો –૨૦૦૯ મુજબ તથા નાણાં વિભાગ (પ.એ)ના તા. ૨૫.૦૬.૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક નંબર પીજીઆર–૧૦૦૯/૮/પે સેલ અને નાણાં વિભાગ (પ.એ.) ના તા. ૦૧.૦૯.૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક પીજીઆર–૧૦૧૦/૫૧/પે સેલ તથા તા. ૨૨.૧૧.૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક પીજીઆર–૧૦૨૦૧૧/૬૭/પે સેલ અને ૧૨/૦૪/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક પીજીઆર–૧૦૧૧/૭૦/પે સેલ મુજબ કરવાની રહેશે.

૭ઃ આ હુકમો જેમના પ્રોવિડંડ ફંડ ખાતા રાજય સરકાર હસ્તક છે, તેવા રાજય સરકારના તમામ કર્મચારીઓ, પંચાયત કર્મચારીઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારી વર્ગ, સહાયક અનુદાન લેતી બિન–સરકારી શાળાઓના તમામ કર્મચારીઓને લાગુ પડશે.

૮ઃ રાજય સરકારની પ્રવર્તમાન નિતી અનુસાર મોઘવારી ભથ્થામા થતો આ વધારો જેમને મળવાપાત્ર થાય છે. તેઓને આ ઠરાવની જોગવાઈ મુજબ મળવાપાત્ર થશે.

(પાછળ)

૯: ઉકત હુકમનો લાભ ઉચિત ફેરફાર સાથે પ્રાથમિક શિક્ષકો અને પંચાયતમાં પ્રતિનિયુકતી ઉપરના અથવા બદલી પામેલ વ્યકિતઓને તેમજ કામ પુરતા મહેકમના કર્મચારીઓને આપવામાં આવશે. તે જ પ્રમાણે પંચાયતો, સ્થાનિક સંસ્થાઓ અને નગરપાલિકાઓએ તેમના કર્મચારીઓને મંજુર કરેલ મોંઘવારી ભથ્થાના કારણે અને બિન–સરકારી માધ્યમિક શાળાઓએ તેમના શિક્ષકોને તેમજ તે જ પ્રમાણે સહાયક અનુદાન લેતી સંસ્થાઓએ તેમના કર્મચારીઓને આપવાના થતા મોંઘવારી ભથ્થાના કારણે થતુ ખર્ચ આ હુકમોમાં નિયત કર્યા પ્રમાણે વિનિયમિત કરવામાં આવશે. આ હુકમોને કારણે થતું ખર્ચ એ શરતે અનુદાનને પાત્ર ગણવામાં આવશે કે, આ રીતે મંજુર કરેલ મોંઘવારી ભથ્થાના તફાવતનો હિસ્સો રાજય સરકારના સમકક્ષ કર્મચારીઓને મળવાપાત્ર હિસ્સા કરતાં વધારે ન થવો જોઈએ.

૧૦: આ હુકમો અખિલ ભારતીય સેવાના અધિકારીઓ (AIS) ને પણ લાગુ પડશે.

ગુજરાતના રાજયપાલશ્રીના નામે અને તેમના હુકમથી

સહી/–
એચ.બી.સેઈલર
નાયબ સચિવ
નાણાં વિભાગ

---

જા.નં.નકૃયુ/કોમ્પ્ટ/કંન્ટ્રોલ/ ૧૨૦૦૦–૬૦/૧૨

હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામક વિભાગ
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
તારીખઃ ૦૬ / ૧૦ / ૨૦૧૨.

નોંધઃ– નીચેની સુચના સહ ઠરાવ યુનિવર્સિટીમાં અમલ માટે પરિપત્રિત કરવામાં આવે છે.

૧: તા. ૦૧.૧૦.૨૦૧૨ થી પગારબીલમાં આકારી રોકડમાં ચુકવણું કરવાનું રહેશે.

૨: તા.૦૧.૦૭.૨૦૧૨ થી તા.૩૦.૦૯.૨૦૧૨ સુધી દર માસે મળવાપાત્ર ૦૭% મોંઘવારી ભથ્થાની રકમ રોકડમાં બીલ તૈયાર કરી ચુકવણું કરવાનું રહેશે.

<u>નકલ સવિનય રવાનાઃ</u>

૧: તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ
૨: કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી.

<u>નકલ રવાનાઃ</u>

૧: તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ
૨: વહીવટી વ હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી.
૩: હિસાબી અધિકારી(કેશ), નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી.
૪: હિસાબી અધિકારી,સંશોધન વૈજ્ઞાનિકશ્રી(કપાસ) ની કચેરી, કપાસ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, અઠવા લાઈન્સ,સુરત.
૫: હિસાબ નિયામક વિભાગની તમામ શાખાઓ

હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામક

એજી/૦૫૧૦૨૦૧૨/